રોડ પ્રોજેક્ટ
વડોદરા મહાનગર પાલિકા
ઠરાવ અંક: ૧૩૧ /૧૮-૧૯/
તા: ૩૧.૧૨.૨૦૧૮

વડોદરા મહાનગર સેવા સદન
રોડ પ્રોજેક્ટ શાખા
જા. નં. ૧૬૧૯/૧૬૧૯-૧થી૩૧
તારીખ ૩૧/૧૨/૧૮

વડોદરા મહાનગર પાલિકાનાં રોડ પ્રોજેક્ટ શાખા દ્વારા (૧) અમિતનગર સર્કલ થી મેયોબ્રીજ (૨) હરીનગર ચાર રસ્તાથી રાજેશ ટાવર સુધી તથા (૩) હેવમોર સર્કલથી નિસર્ગ એપાર્ટમેન્ટ સુધીના રસ્તા રીસરફેસીંગ કરવાના કુલ ૩ (ત્રણ) કામોના ચુકવણાં સમયે રોડ પ્રોજેક્ટ શાખા દ્વારા તૈયાર કરેલ બીલ ઓફ આસ્ફાલ્ટ અને સ્ટાર રેટના તફાવતના પત્રક મુજબ ત્રણ કામો મળી કુલ-૯૯ બીટુમીન પરચેઝ ઇનવોઇસ પ્રમાણે ચુંકવણું કરવામાં આવેલ હતુ. સદર ચુકવણાં સંદર્ભે મહાનગરપાલિકાના વિજીલન્સ તપાસ દરમ્યાન સદર બીટ્યુમીન પરચેઝ ઇનવોઇસ ડેટાને IOCL, અમદાવાદ ડીવીઝન ઓફિસનાં વેરીફીકેશન રીપોર્ટ સાથે ક્રોસ-વેરીફિકેશન કરતાં ઇજારદાર મે.દિવ્ય સિમંધર કન્સ્ટ્રકશન પ્રા.લી દ્વારા ઉપરોકત ૩ (ત્રણ) કામો માટેના જે ૯૯ (નવ્વાણું) બીલોથી, IOCL માંથી બીટ્યુમીન ખરીદ કરવામાં આવેલ હોવાનું દર્શાવેલ તેની સામે ફક્ત ૧૩ બીલો જ IOCL ના વેરીફિકેશન રીપોર્ટ મુજબ સાચા ઠર્યા હતા, જયારે બાકીના તમામ પરચેઝ ઇનવોઇસ નંબર, ટ્રકનંબર, ક્વોન્ટીટી ઇનવોઇસની તારીખ, ક્રોસ-વેરીફીકેશન રીપોર્ટમાં મળી આવેલ ન હતા.

આમ, જયારે IOCL ના મુળ સાધનીક રેકોર્ડમાં જ ઇજારદારે પોતાના કસ્ટમર કોડ નં.૨૧૩૨૯૦ થી ખરીદ કરેલ બીટ્યુમીન પરચેઝ ઇનવોઇસનાં નંબર મળી આવતા ન હોઇ, તમામ બીટ્યુમીન પરચેઝ ઇનવોઇસ બોગસ-બનાવટી રજુ કરી વડોદરા મહાનગરપાલિકામાંથી ચુકવણાં મેળવી લઈને સમગ્ર પ્રકરણમાં ગંભીર પ્રકારની ગેરરીતી આચરીને વડોદરા મહાનગરપાલિકાનું આર્થિક નુકશાન કરેલ છે, તે મુજબનું વડોદરા મહાનગરપાલિકાના વીજીલન્સ વિભાગ દ્વારા અહેવાલ રજુ થયેલ છે. વધુમાં, જે ૧૩ બીટ્યુમીન પરચેઝ ઇનવોઇસ વેરીફીકેશનમાં મળી આવ્યા હતા તેમાં પણ વિસંગતતાઓ જણાઇ આવેલ હતી.

આમ, ઇજારદાર મે. દિવ્ય સિમંધર કંસ્ટ્રકશન પ્રા.લી દ્વારા આટલા વ્યાપક પ્રમાણમાં IOCL ના બોગસ-બનાવટી ઇનવોઇસ રજુ કરી ગેરરીતી આચરી સંસ્થાને આર્થિક નુકશાન પહોચાડેલ હોવાનું જણાતા ઇજારદારની સીધી જવાબદારી ઉપસ્થિત થઈ હોઈ, ઇજારદાર મે. દિવ્ય સિમંધર કન્સ્ટ્રકશન પ્રા.લિ. સામે નવાપુરા પોલિસ સ્ટેશનમાં પોલિસ ફરિયાદ F.I.R No.I/56/2018 થી કરવામાં આવેલ છે.

ઉપરોકત વિગતો મુજબ ઇજારદાર દ્વારા ગેરરીતી આચરી સંસ્થાને નુકશાન પહોચાડેલ હોઇ, તથા ઇજારદાર દ્વારા તત્કાલિન સમયમાં ચાલુ કામો પણ અધુરા મુકેલ હોઇ, ઇજારદાર મે.દિવ્ય સિમંધર કંસ્ટ્રકશન પ્રા. લિ ને ટેન્ડરની શરતો, કામનાં કરારની શરતો તથા કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશનનાં નિયમોને આધિન રહીને વડોદરા મહાનગર પાલિકામાં તેમના કોન્ટ્રાકટર રજીસ્ટ્રેશનને ૫ (પાંચ) વર્ષ માટે તાત્કાલિક અસરથી કાળી યાદીમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં, તેઓનાં બાકી કામના તમામ ચુકવણાં સ્થગિત કરવાનાં રહેશે, અને ચુકવણું થઇ ગયેલ હોય તો તેવા ચુકવણાંની ભવિષ્યમાં વસુલાત કરવાનાં પ્રસંગે તેમની અન્ય કામગીરીમાંથી કપાત કરવાની રહેશે અને જરૂરી જણાય તો કાયદાકીય રાહે પણ વસુલાત કરવાની રહેશે. તેઓના ચાલુ કામો જે અધુરા છે તેની બાકી કામગીરી તેઓનાં જોખમે અને ખર્ચે અન્ય ઇજારદાર પાસે પુરી કરાવી લેવાની રહેશે.

સદરનો અમલ તમામ સંબંધિતોએ બિનચુક કરવાનો રહેશે.

મ્યુનિસિપલ કમિશ્નર

વડોદરા મહાનગર પાલિકા

નકલ રવાના:-

૧. ડે.મ્યુનિશનર કમિશ્નરશ્રી(વ) તરફ જરુરી કાર્યવાહી સારૂ.

૨. ડે.મ્યુનિશનર કમિશ્નરશ્રી(હેલ્થ) તરફ જરુરી કાર્યવાહી સારૂ.

૩. ડે.મ્યુનિશનર કમિશ્નરશ્રી(L&E) તરફ જરુરી કાર્યવાહી સારૂ.

૪. ખાસ ફરજ પરના અધિકારીશ્રી તરફ જરુરી કાર્યવાહી સારૂ.

૫. ડે.મ્યુનિસિપલ કમિશ્નરશ્રી ઉત્તર, દક્ષિણ, પુર્વ, પશ્ચિમ) તરફ જરુરી કાર્યવાહી અને સબંધિતોને સુચના આપવા સારૂ.

૬. લીગલ એડવાઈઝરશ્રી તરફ જરુરી કાર્યવાહી સારૂ.

૭. ચીફ ઓડિટરશ્રી તરફ જરુરી કાર્યવાહી સારૂ.

૮. ચીફ એકાઉન્ટન્ટ્શ્રી તરફ જરુરી કાર્યવાહી સારૂ.

૯. એડી.સીટી એન્જી.શ્રી(ગેસ/સ્ટ્રીટ લાઈટ/ SWM/મીકેનીકલ) તરફ જરુરી કાર્યવાહી અને સબંધિતોને સુચના આપવા સારૂ.

૧૦. એડી.સીટી એન્જી.શ્રી(પા.પુ/બિલ્ડીંગ પ્રોજેકટ) તરફ જરુરી કાર્યવાહી અને સબંધિતોને સુચના આપવા સારૂ.

૧૧. એડી.સીટી એન્જીનિયરશ્રી (ડ્રેનેજ/ફ્યુચરીસ્ટીક પ્લાનીંગ સેલ) તરફ જરુરી કાર્યવાહી અને સબંધિતોને સુચના આપવા સારૂ.

૧૨. તમામ કાર્યપાલક ઇજનેરશ્રીઓ તરફ જરુરી કાર્યવાહી સારૂ.

૧૩. સીટી એન્જીનીયરશ્રીની કચેરી રેકોર્ડ અર્થે.

૧૪. રાજય સરકારશ્રીનાં (R & B તથા GWSSB) માં ઇજારદારની નોંધણી વિભાગમાં જાણ સારૂ.

૧૫. ઇજારદાર મે.દિવ્ય સિમંધર કંસ્ટ્રકશન પ્રા.લિ તરફ જાણ સારૂ.